## ફોર્મ–એ

GJAH100008462019

દાખલ તારીખ ૧૯/૦૬/૨૦૧૯
રજીસ્ટરે લીધા તારીખ: ૧૯/૦૬/૨૦૧૯
ફેંસલ તારીખ: ૨૨/૦૪/૨૦૨૬
સમયગાળો: ૬ વર્ષ  ૧૦ માસ  ૩ દિવસ

---

વિરમગામના મહે. એડીશનલ ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ
(શ્રી આર.બી.મારફતિયા) સાહેબશ્રીની કોર્ટમાં, તા.વિરમગામ,
જી.અમદાવાદ.

---

ક્રીમીનલ  કેસ નં.૯૩૩/૨૦૧૯
આંકઃ– ૪૪

(**F.I.R.** ની વિગત/ગુનો અને પોલીસ સ્ટેશન)
વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૯/૨૦૧૯
ગુનોઃ– ઈ.પી.કો.કલમ–૧૧૪ , ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ
પોલીસ સ્ટેશનઃ વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશન.

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| વિ.મ.સ.વ. મારફતે | વિદ્વાન એ.પી.પી.શ્રી એમ.એ.ધાસુરા. |
| આરોપીઓ | (૧) રવિભાઇ ગીરીશભાઇ સીરિસીયા, ઉ.વ.૨૦,<br>રહે. માંડલ, માંડલ, અમદાવાદ ગ્રામ્ય.<br>(૨) વિજયભાઇ ગીરીશભાઇ સીરિસીયા, ઉ.વ.૨૫,<br>રહે. વિરમગામ, અમદાવાદ ગ્રામ્ય.<br>(૩) સંજયભાઇ ગીરીશભાઇ સીરિસીયા, ઉ.વ.૨૩,<br>રહે. વિરમગામ, અમદાવાદ ગ્રામ્ય. |
| આરોપીઓ તર્ફે | વિ.વ.શ્રી.જે.આઇ.પાનસેરીયા |

## ફોર્મ–બી

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | ૦૬/૦૪/૨૦૧૯ |
| **ફરીયાદની તારીખ** | ૧૨/૦૪/૨૦૧૯ |
| **ચાર્જશીટની તારીખ** | ૧૯/૦૬/૨૦૧૯ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ** | ૦૩/૦૧/૨૦૨૩ |
| **પુરાવો શરૂ કર્યાની કર્યાની તારીખ** | ૦૯/૦૬/૨૦૨૩ |
| **ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ** | ૨૬/૦૨/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૨૨/૦૪/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ** | – |

## <u>આરોપીઓની વિગતઃ–</u>

| **ક્રમ** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | **કયા ગુનાનો આક્ષેપ છે?** | **નિર્દોષ છોડવામાં આવ્યો કે કસુરવાર** | **શું સજા કરી** | **CRPC ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કેદી તરીકે રહેલા છે** |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રવિભાઇ ગીરીશભાઇ સીરિસીયા | ૨૭/૦૪/ ૨૦૧૯ | ૨૭/૦૪/ ૨૦૧૯ | ઇ.પી.કો.કલમ–૧૧૪,૩૨૩, ૫૦૪,૫૦૬ (૨) મુજબ | શંકાનો લાભ આપી છોડી મુકયા | – | ધરપકડ તારીખથી જામીન મુકત તારીખ સુધી |
| ૨. | વિજયભાઇ ગીરીશભાઇ સીરિસીયા | ૨૭/૦૪/ ૨૦૧૯ | ૨૭/૦૪/ ૨૦૧૯ | ઇ.પી.કો.કલમ–૧૧૪,૩૨૩, ૫૦૪,૫૦૬ (૨) મુજબ | શંકાનો લાભ આપી છોડી મુકયા | – | ધરપકડ તારીખથી જામીન મુકત તારીખ સુધી |
| ૩. | સંજયભાઇ ગીરીશભાઇ સીરિસીયા | ૨૭/૦૪/ ૨૦૧૯ | ૨૭/૦૪/ ૨૦૧૯ | ઇ.પી.કો.કલમ–૧૧૪,૩૨૩, ૫૦૪,૫૦૬ (૨) મુજબ | શંકાનો લાભ આપી છોડી મુકયા | – | ધરપકડ તારીખથી જામીન મુકત તારીખ સુધી |

## <u>ફોર્મ–સી</u>

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લિસ્ટઃ

| અનુ. નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૧૩ | કિશોરભાઇ કાળુભાઇ ગરીયલની સોગંદ પરની જુબાની | ફરીયાદી |
| ૨. | ૧૫ | રુત્વીક શાંતીભાઇ સીરિસીયાની સોગંદ પરની જુબાની | સાહેદ |
| ૩. | ૧૬ | દિપકભાઇ નટવરભાઈની સોગંદ પરની જુબાની | સાહેદ |
| ૪. | ૨૨ | નિરુભા અમરસીંહ ઝાલાની સોગંદ પરની જુબાની | પંચસાહેદ |
| ૫. | ૨૫ | કરશનભાઇ અમનભાઇ ની સોગંદ પરની  જુબાની | પંચસાહેદ |
| ૬. | ૨૬ | ડૉ.પ્રકાશ શ્રીગોપાલ સારડાની સોગંદ પરની જુબાની | તબીબ સાહેદ |
| ૭. | ૩૪ | હેતલબેન ઇશ્વરભાઇ રાવતની સોગંદ પરની જુબાની | ત.ક.અ. |

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના આંકે પડેલ દસ્તાવેજોઃ–

| અનુ. નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૪ | એફ.આઇ.આર. |
| ૨. | ૨૩ | ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ |
| ૩. | ૨૭ | મેડીકલ સર્ટીફીકેટ ની નકલ |

## ફોર્મ–ડી

## મુદ્દામાલઃ–

| અનુ.નં. | મુદ્દામાલ | વર્ણન |
|---|---|---|
| | નીલ | |

## –:જ જ મે ન્ટ:–

## ગુનો :– ઇન્ડીયન પીનલ કોડ કલમ –૧૧૪ , ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ.

**(૧)** આ કામે ફરીયાદપક્ષની ટૂંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ઉપરોકત તારીખ, સમય અને જગ્યાએ આ કામના સાહેદ રુત્વીકને આરોપી નં.૧ નાએ જણાવેલ કે, તારા ભાઈની પત્નીને ભગાડી લઈ ગયો તો તમે શું કરી લીધુ તેમ કહી જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી મુઢમાર મારી તથા ગડદાપાટુનો માર મારી શર્રીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ કરી આરોપી નં.૨, ૩ નાએ એક બીજાએ ગુનો કરવામાં મદદગારી કરી, આરોપીઓએ ઇન્ડીયન પીનલ કોડની કલમ ૧૧૪ , ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ હોવાની ફરીયાદ આ કામે વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશનમાં આપતાં તે અંગેની તપાસ આ કામના તપાસ કરનાર અમલદારે કરેલ અને તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતાં આરોપીઓ સામે હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**(૨)** આ કામે ચાર્જશીટ આવતાં આ કામે મારા પુરોગામી અધીકારી શ્રીએ સદર કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૦(૧)(બી) મુજબ આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનાનું કોગ્નીજન્સ લીધેલ છે. ત્યારબાદ આ કામે આરોપીઓને સમન્સ કરવામાં આવતાં તે બજી જતાં આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ છે. આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ મુજબ પોલીસ તપાસનાં કાગળો આપ્યા અંગેની ખરાઈ કર્યા બાદ તેઓને ગુના અંગે પુછપરછ કરતાં તેઓએ ગુનાનો ઇન્કાર કરેલ છે. જેથી આંક– ૦૬ થી તહોમતનામુ ધડવામાં આવેલ છે. અને આરોપીઓએ ગુનાનો ઈનકાર કરતાં આંક–૦૭ થી આંક–૦૯ સુધીની આરોપીઓની પ્લી નોંધવામાં આવેલ છે. અને ત્યારબાદ આ કામ ગુણદોષ પર આગળ ચલાવેલ છે.

**(૩)** આ કામે ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનાં લેખીત તેમજ મૌખીક પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>મૌખીક પુરાવાઓઃ–</u>**

| | | |
|---|---|---|
| (૧) | આંક–૧૩ | થી ફરીયાદી કિશોરભાઇ કાળુભાઇ ગરીચલની જુબાની. |
| (૨) | આંક–૧૫ | થી સાહેદ રુત્વીક શાંતીભાઇ સીરિસીયાની જુબાની. |
| (૩) | આંક–૧૬ | થી સાહેદ દિપકભાઇ નટવરભાઈની જુબાની. |
| (૪) | આંક– ૨૨ | થી પંચ સાહેદ નિરુભા અમરસીંહ ઝાલાની જુબાની. |
| (૫) | આંક–૨૫ | થી પંચસાહેદ કરશનભાઇ અમનભાઈ દેવીપુજકની જુબાની. |
| (૬) | આંક–૨૬ | થી તબીબ સાહેદ ડૉ.પ્રકાશ શ્રીગોપાલ સારડાની જુબાની. |
| (૭) | આંક–૩૪ | થી ત.ક.અ.સાહેદ હેતલબેન ઈશ્વરભાઇ રાવતની જુબાની. |

**<u>લેખીત પુરાવાઓઃ–</u>**

| | | |
|---|---|---|
| (૧) | આંક–૧૪ | થી ફરીયાદ. |
| (૨) | આંક–૨૩ | થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ. |
| (૩) | આંક–૨૭ | થી મેડીકલ સર્ટીફીકેટ. |

**(૪)** ત્યારબાદ આ કામે આરોપીઓનું વિષેશ નિવેદન નોંધવા જેટલો પુરાવો રેકર્ડ પર આવતો હોવાથી આ કામે આરોપીઓનુ વિષેશ નિવેદન નોંધવામાં આવેલ છે.જેમાં તેઓએ તમામ હકીકતોનો ઈનકાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, સાહેદ નં.૫ ની પત્નીએ છુટાછેડા લઇને આરોપી નં.૩ સાથે લગ્ન કરેલ તેનું મનદુ:ખ રાખી ખોટી ફરીયાદ કરેલ છે. બનાવના દિવસે તેઓ અમદાવાદ હતા. મજુરી તેમજ નોકરી કરીને

પોતાનું ગુજરાન ચલાવે છે. તેઓ નિર્દોષ છે. તેમજ તેઓને બચાવના સાક્ષી તપાસવા ન હોવાની હકીકત જણાવેલ છે તેમજ તેઓને સોગંદ ઉપર જુબાની આપવી ન હોવાની હકીકત જણાવેલ છે. તેમજ ત્યારબાદ સદર કામ દલીલો માટે રાખેલ છે.

(૫) ત્યારબાદ આ કામે બંને પક્ષકાર તરફે દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી એ રજુઆત કરેલ છે કે, આ કામે આરોપીઓ સામે ગુનો સાબિત થયેલ હોઇ તેઓને યોગ્ય નશ્યત કરવી જોઇએ.

ત્યારબાદ આરોપીઓ તરફે વિ.વ.શ્રી એ હાજર થઇ પોતાની રજુઆત કરેલ છે જેમાં મહદઅંશે તેઓએ જણાવેલ છે કે, આરોપીઓ સામે ગુનો સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. તેમજ આ કામે ફરીયાદી તેમજ સાહેદ તપાસવામાં આવેલ છે. પરંતુ તેઓ ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન કરતાં નથી. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે. તેમજ તેઓએ તેમની દલીલના સમર્થનમાં ક્રિમીનલ અપીલ નં.૨૫/૧૯૯૫, સ્ટેટ ઓફ ગુજરાત વિ.નાગભાઇ ખોડાભાઇ, તા.૨૧/૦૩/૨૦૧૧નું જજમેન્ટ રજુ કરેલ છે. જે ધ્યાને લીધુ.

(૬) આ કામે મારા ન્યાયનિર્ણય માટે નીચે મુજબના મુધ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, કામના આરોપીઓએ ઉપરોકત તારીખ, સમય અને જગ્યાએ આ કામના સાહેદ રુત્વીકને આરોપી નં.૧ નાએ જણાવેલ કે, તારા ભાઇની પત્નીને ભગાડી લઇ ગયો તો તમે શું કરી લીધુ તેમ કહી જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી મુઢમાર મારી તથા ગડદાપાટુનો માર મારી શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ કરી આરોપી નં.૨, ૩ નાએ એક

બીજાએ ગુનો કરવામાં મદદગારી કરી, આરોપીઓએ ઇન્ડીયન પીનલ કોડની કલમ ૧૧૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો આરોપીઓએ કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)** આ કામે ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**(૮)** આ કામે ઉપરના નિર્ણયો પર પહોંચવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

**(૮.૧)** આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે રજુ કરેલ પુરાવાઓ ધ્યાને લઇએ તો,આ કામે ફરીયાદપક્ષે સૌપ્રથમ **આંક-૧૩ થી ફરીયાદી કિશોરભાઇ કાળુભાઇ ગરીચલને** તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,બનાવ તા.૦૪/૦૬/૧૯ના રોજ બનેલો. બનાવના દિવસે સવારના ૧૧ વાગ્યે તેમના સાળાનો ફોન આવેલો અને તેમને કહેલ કે તમે ફટાફટ બસ સ્ટેન્ડ આવો મને માર્યો છે. જેથી તેઓ બસ સ્ટેશન ગયેલા. ત્યાં તેમનો સાળો રુતીક હતો તેણે તેમને કહેલ કે, ‘ હું ઢોલનો સામાન લેવા આવેલો અને પેશાબ કરવા માટે બસ સ્ટેનડની અંદર મુતરડીમાં ગયેલો ત્યારે મને સંજયભાઇ ગીરીશભાઇ તથા રવીભાઇ ગીરીશભાઇ તથા વિજયભાઇ ગીરીશભાઇ માર મારવા લાગેલા અને મને પેટમાં ગડદાપાટુનો માર મારેલો અને પાછળ પણ માર મારેલો અને મને સંજયએ કહેલ કે તારા ભાઇની પત્નીને ભગાડી લઇ ગયો તો તમે શું કરી ઉખાડી લીધુ અને એમ પણ કહેલ કે હવે પછી આ ગામમાં દેખાશે તો મારીશ.’ તેમના સાળાને તેઓ શીવ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઇ ગયેલા. બનાવ અંગે તેઓએ ફરીયાદ આપેલી. જે અસલ એફ.આઇ.આર.બતાવવામાં આવે છે. જે આ કામે આંક-૧૪ થી રજુ કરવામાં આવેલ છે.

સદર ફરીયાદી સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે તેઓએ જણાવેલ છે કે, તેઓ નીલકી ફાટક પાસે રહે છે. તેઓ શીવ હોસ્પિટલમાં નોકરી કરે છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના સાળા પ્રવિણે પ્રેમ લગ્ન કરેલા જેનું નામ આશા હતુ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના સાળાના લગ્ન બાદ થોડા સમય પછી બંને જણાએ છુટાછેડા લઈ લીધેલા તે તા.૨૨/૦૩/૧૯ ના રોજ લીધેલા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આશાએ તા.૨૬/૦૩/૧૯ ના રોજ આરોપી સંજય સાથે લગ્ન કરેલા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પ્રેમ લગ્ન થયા તે પહેલા આરોપીઓ અમદાવાદ મુકામે રહેતા હતા. પ્રેમ લગ્ન કરેલાંનુ રજીસ્ટ્રેશન તા.૦૨/૦૪/૨૦૧૯ ના રોજ કરાવેલુ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની ફરીયાદમાં કોણ શું ગાળો બોલતુ હતુ તે શબ્દો લખાવેલા નથી. તેમની ફરીયાદમાં હવે પછી ગામમાં દેખાઇશ તો જાનથી મારી નાખીશ તેવુ લખાવેલુ નથી.વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વિરમગામ બસ સ્ટેશનને બે પ્રવેશ ધ્વાર છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બસ સ્ટેશનની બહાર કોઈ મુતરડી આવેલી નથી. તેઓ અને તેમનો ભાઈ વિરમગામ અવર જવર કરે છે અને નોકરી ધંધો કરે છે. આ બનાવ બાદ આરોપીઓ સાથે બીજો કોઇ ઝઘડો થયેલો નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના સાળા અને મોટી સાસુના કહેવાથી ફરીયાદ આપેલી છે. વધુમાં તેઓએ એ હકીકતનો ઇનકાર કરેલ છે કે, પ્રેમ લગ્ન કરેલાનું રજીસ્ટ્રેશન તા.૦૨/૦૪/૧૯ ના રોજ કરાવેલુ, જેની જાણ થતાં ખોટી રીતે ફરીયાદ કરવામાં આવેલી છે.

(૮.૨) આ કામે ફરીયાદપક્ષે **આંક– ૧૫ થી સાહેદ રુત્વીક શાંતીભાઇ સીરિસીયાને** તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા.૦૬/૦૪/૨૦૧૯ ના રોજ બનેલો. બનાવના દિવસે સવારના ૧૧ વાગ્યે તેઓ વિરમગામ ખાતે લગ્નની સીજન ચાલતી હોય ઢોલનો સામાન લેવા આવેલો અને વિરમગામ બસ સ્ટેન્ડની સામે આવેલ

મુતરડીમાં ગયેલો ત્યારે સંજય ગીરીશ તથા રવિ ગીરીશ અને વિજય ગીરીશ આવેલા અને સંજયે તેમને કહેલ કે તારા ભાઈ પ્રવિણભાઈની પત્ની આશાને તેઓ ભગાડી લઈ ગયેલ, તમે શું ઉખાડી લીધુ અને ત્રણેય જણાએ તેમને ગાળો બોલી ગડદાપાટુનો મુઢ માર મારવા લાવેલા અને પેટનાં ભાગે મુકકા અને લાતો મારેલી અને ત્યારે બહાર ઉભેલા લોકો તેમને છોડાવવા આવેલા અને સંજયે તેમને તે વખતે ધમકી આપેલ કે આજ પછી વિરમગામમાં દેખાઈશ તો જાનથી મારી નાખીશ. ત્યારબાદ તેમના બનેવી કિશોરભાઈને ફોન કરેલો. જેથી તે બસ સ્ટેન્ડ આવેલા. તેમને તેઓએ વાત કરતાં તે સારવાર માટે હોસ્પિટલ લઈ ગયેલા. બનાવ અંગેની ફરીયાદ તેમના બનેવીએ કિશોરભાઈએ આપેલી.

સદર સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે તેઓએ જણાવેલ છે કે, પ્રવિણ તેમનો ભાઈ થાય છે. પ્રવિણ તેમના ભાઈએ પ્રેમ લગ્ન કરેલા છે તેની તેમને ખબર છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પ્રેમ લગ્ન બાદ તા.૨૨/૦૩/૧૯ ના રોજ છુટાછેડા લીધેલા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણીએ ત્યારબાદ આરોપી સંજય સાથે લગ્ન કરેલા. આરોપી સંજય સાથે તેણીએ તા.૦૨/૦૪/૧૯ ના રોજ પ્રેમ લગ્ન કરેલા. એ વાતની તેમને ખબર નથી કે, પ્રેમ લગ્નના અઠવાડીયા પહેલા આરોપીઓ અમદાવાદ રહેતા હતા કે કેમ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ અને તેઓ એક જ મહોલ્લામાં રહે છે અને તેઓ એક જ કુટુંબના છે. વધુમાં તેઓએ એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ જવાબમાં શું ગાળો બોલેલી તે લખાવેલી નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બન્યો તે પહેલાં આરોપીઓ અમદાવાદ મુકામે રહેવા જતા રહેલા. વધુમાં તેઓએ એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, તેમના જવાબમાં સંજયે હવે પછી વિરમગામમાં દેખાઈશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલાનું લખાવેલ નથી. પોલીસે તેમનો જવાબ લેવા આવેલી. જે દવાખાને જવાબ લેવા આવેલી તે તા.૧૦/૦૪/૧૯ ના રોજ આવેલી. વધુમાં તેઓએ એ

હકીકતનો ઇનકાર કરેલ છે કે, સંજય તેમના ભાઇની પત્નીને ભગાડીને લઇ ગયેલ એટલે ફરીયાદને સમર્થન કરવા ખોટી જુબાની આપે છે.

(૮.૩) આ કામે ફરીયાદપક્ષે **આંક– ૧૬ થી સાહેદ દિપકભાઇ નટવરભાઇને** તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,બનાવ તા.૦૬/૦૪/૧૯ના રોજ બનેલો. બનાવના દિવસે સવારના ૧૧:૦૦ વાગ્યાની આજુબાજુ બસ સ્ટેન્ડની મુતરડીમાં પેશાબ કરવા ગયેલા ત્યારે આજરોજ કોર્ટમાં હાજર ત્રણ આરોપી જેમને તેઓ જોયેથી ઓળખે છે તેઓ એક છોકરાને મારતા હતા. જેથી તેઓ છોડાવા ગયેલોને ત્યાં પબ્લીક ભેગી થતાં આરોપીઓ નાસી ગયેલા. બનાવ તેઓએ નજરે જોયેલા. આરોપીઓને તેઓ ઓળખે છે.

સદર સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પ્રવિણભાઇ તેમની માસીના દીકરા થાય છે. તેમને એ ખબર નથી કે, પ્રવિણે આશા સાથે પ્રેમ લગ્ન કરેલા છે. તેમને ખબર નથી કે છુટાછેડા લઇને આશાબેને આરોપી સંજય સાથે લગ્ન કરેલા કે કેમ. આરોપીઓ માંડલના છે. તેઓ કોઇ દિવસ માંડલ ગયેલો નથી. બનાવ બન્યો તે પહેલાંથી તેઓ આરોપીઓને ઓળખતા નથી. તેઓ સાયલા મુકામે હોટલમાં નોકરી કરે છે. તેઓ પહેલા વિરમગામ કેસર હોટલમાં નોકરી કરતા હતા. વધુમાં તેઓએ એ હકીકતનો ઇનકાર કરેલ છે કે, બનાવ બસ સ્ટેશન બહાર મુતરડી પાસે બનેલો. પોલીસે તેમને પોલીસ સ્ટેશનમાં બોલાવેલો. કઇ તારીખે બોલાવેલો તેની તેમને ખબર નથી. વધુમાં તેઓએ એ હકીકતનો ઇનકાર કરેલ છે કે, પ્રવિણ તેમની માસીનો દીકરો થતો હોઇ તેના સમર્થનમાં તેઓ ખોટી જુબાની આપે છે. આરોપીઓને ઓળખ પરેડ કરાવવા માટે તેમને બોલાવેલા નથી કે કોઇ ઓળખ પરેડ કરાવેલ નથી.

(૮.૪) આ કામે ફરીયાદપક્ષે **આંક– ૨૨ થી પંચ સાહેદ નિરુભા અમરસીંહ ઝાલાને** તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, આશરે પાંચેક વર્ષ પહેલા તેમને બસ સ્ટેશન પાસે

બોલાવેલા અને ત્યારે પોલીસે તેમને તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી. તેઓએ સહી કરેલી ત્યારે તેમની હાજરીમાં બીજા કોઇએ સહી કરેલ નથી અને તેઓએ જે સહી કરી તે કાગળોમાં શું લખેલુ તે તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નહી. તેમને એક પંચનામુ બતાવવામાં આવે છે.જેમાં પંચ નં.૨ તરીકે તેમની સહી છે. જે તેઓ ઓળખે છે. જે પંચનામુ આ કામે આંક–૨૩ થી રજુ કરવામાં આવેલ છે. તેઓ પોલીસ સાથે કોઇ જગ્યાએ ગયેલ નથી કે પોલીસે તેમના રૂબરૂ કોઇ કાર્યવાહી કરેલ નથી. તે સીવાય પંચનામાની વિગતે તેઓ કાંઇ જાણતો નથી. આરોપીને તેઓ ઓળખતા નથી.

સદર સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ નથી.

(૮.૫) આ કામે ફરીયાદપક્ષે **આંક– ૨૫ થી પંચ સાહેદ કરશનભાઇ ચમનભાઇ દેવીપુજકને** તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, આશરે પાંચેક વર્ષ પહેલા તેમને બસ સ્ટેશન પાસે બોલાવેલા અને ત્યારે પોલીસે તેમને તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી. તેઓએ સહી કરેલી ત્યારે તેમની હાજરીમાં બીજા કોઇએ સહી કરેલ નથી અને તેઓએ જે સહી કરી તે કાગળોમાં શું લખેલુ તે તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નહી. તેમને આંક–૨૩ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં પંચ તરીકે તેમની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. તેઓ પોલીસ સાથે કોઇ જગ્યાએ ગયેલ નથી કે પોલીસે તેમના રૂબરૂ કોઇ કાર્યવાહી કરેલ નથી. તે સીવાય પંચનામાની વિગતે તેઓ કાંઇ જાણતો નથી. આરોપીને તેઓ ઓળખતા નથી.

સદર સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ નથી.

(૮.૬) આ કામે ફરીયાદપક્ષે **આંક– ૨૬ થી તબીબ સાહેદ ડૉ.પ્રકાશ શ્રીગોપાલ સારડાને** તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૦૬/૦૪/૨૦૧૯ના રોજ બપોરે ૦૩:૦૦ વાગ્યે તેમની હોસ્પિટલમાં ફરજ બજાવતા હતા ત્યારે દર્દી સીરિસીયા રુત્વીક મનુભાઇ સારવાર માટે આવેલ હતા. દર્દીએ આપેલ હીસ્ટ્રીમાં જણાવેલ કે, સામાવાળા પક્ષે બપોરે ૦૧:૦૦ કલાકે વિરમગામ ખાતે મુકકા અને લાતોથી માર્યા હતા. તેમની તપાસ દરમ્યાન છાતીના આગળના ભાગે દુખાવો અને સોજો હતો. બહારથી કોઇ હાડકાનું ફ્રેકચર કે ઇજા જણાતી ન હોવાથી દર્દીને પડતી સ્વાસની તકલીફ માટે દાખલ કરી અંદરના દર્દી તરીકે સારવાર આપેલ હતી. દર્દીને સારવાર આપ્યા અંગેનું સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેમની સહી છે તથા હોદ્દાનો સીકકો છે. જે મેડીકલ સર્ટીફીકેટ આ કામે આંક–૨૭ થી રજુ કરવામાં આવેલ છે.

સદર સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે તેઓએ જણાવેલ છે કે, તેઓ ઓર્થો સર્જન છે. વધુમાં તેઓએ એ હકીકતનો ઇનકાર કરેલ છે કે, આ ઇન્જરી ઓર્થોની ઇન્જરી નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કિશોરભાઇ કાળુભાઇ ગરીયલ તે તેમના ત્યાં ઘણા વર્ષથી કમ્પાઉન્ડર તરીકે નોકરી કરે છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ ઇજા કોઇ બાહય ઇજા નથી. સાહેદ સવેચ્છાએ જણાવે છે કે, બેઠો માર હતો. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સદરહું ઇજા એ હાથથી દબાવવાથી દુખી શકે તેવી ઇજા હતી. વધુમાં તેઓએ એ હકીકતનો ઇનકાર કરેલ છે કે, આ ઇજા ટેન્ડરનેસની ઇજા છે. વધુમાં તેઓને સવાલ પુછવામાં આવેલ છે કે, આ ઇજા જે ડોકટરે બતાવેલ છે કે તે ઇજા પામનાર મોઢા ઉપર હાવભાવ લાવીને હા કહીને દર્શાવી શકે ? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, હા આવી રીતે કોઇપણ વ્યકિત કરી શકે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દર્દીએ તેમને આરોપીના નામ જણાવેલ નથી અને કોણે કેવી રીતે મારેલ તે વિગત જણાવેલ નથી. તા.૦૬/૦૪/૨૦૧૯ ના રોજ સારવાર આપ્યા બાદ દર્દી તેમની પાસે ફરી સારવાર લેવા આવેલ કે કેમ તે હાલ તેમને યાદ નથી. વધુમાં

તેઓએ એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, દર્દીને કહેવાતી ઈજા પેટના ઈન્ફેકશન તકલીફને લીધે પણ થઈ શકે છે. વધુમાં તેઓએ એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, આ કામના ફરીયાદી તેમના ત્યાં કમ્પાઉન્ડર તરીકે નોકરી કરતાં કિશોરભાઈ કાળુભાઈ ગરીયલ તેમના સગા ઈજા પામનાર થતાં હોય તેઓએ તેમની કોઈ સારવાર કરેલ ન હોવા છતાં ખોટુ સર્ટીફીકેટ આપેલ છે.

(૮.૭) આ કામે ફરીયાદપક્ષે **આંક–૩૪ થી ત.ક.અ. સાહેદ હેતલબેન ઈશ્વરભાઈ રાવતને** તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, સને–૨૦૧૯ ની સાલમાં તેઓ વિરમગામ ટાઉન પો.સ્ટે.માં એ.એસ.આઈ.તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૨૫/૦૪/૨૦૨૦ ના રોજ વિરમગામ ટાઉન પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૩૯/૨૦૧૯, ઈ. પી. કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનાની તપાસના કામે પંચો રુબરુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ તેમજ ઈજા પામનારનું મેડીકલ સર્ટીફીકેટ મેળવેલુ. તેમજ લાગતા વળગતા સાહેદોની નિવેદનો લીધેલા. આરોપીઓને અટક કરેલા અને આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. આરોપીઓને જોયેથી ઓળખે છે.

સદર સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે તેઓએ એ હકીકતનો ઈનકાર કરેલ છે કે,ફરીયાદ મોડી આપવાનો ખુલાસો ફરીયાદમાં નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તા.૧૦/૦૪/૨૦૧૯ના રોજ પ્રવિણભાઈને શીવ હોસ્પિટલ ખાતે લઈ ગયેલા તે અંગેનું મેડીકલ સર્ટીફીકેટ આ કામે રજુ કરેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી શીવ હોસ્પિટલ ખાતે નોકરી કરતા હતા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બસ સ્ટેન્ડની બહાર જનરલ ટોઈલેટ આવેલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બસ સ્ટેન્ડની બહાર આવેલ દુકાનોના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, કોઈ નિવેદન આપવા તૈયાર ન હતુ. વધુમાં તેઓએ એ હકીકતનો ઈનકાર કરેલ છે કે, આરોપી સાથે સાહેદના ભાઈની પત્નીને ભગાડીને લઈ ગયેલ હોય જેની જુની અદાવત રાખીને

રુત્વીકે કિશોર ધ્વારા ખોટી ફરીયાદ દાખલ કરાવેલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મેડીકલ સર્ટીફીકેટમાં ઈજા કરનારના કોઇ નામ જાહેર થયેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો ઇનકાર કરેલ છે કે, આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.

તે મતલબના પુરાવાઓ રેકર્ડ પર આવેલ છે.

(૯) હવે આ કામે પડેલા પુરાવાઓની ચર્ચા કરીએ તો, હવે આ કામે આરોપીઓ સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો નોંધયેલ છે. કોઇપણ ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષના શીરે રહે છે. એટલે કે, પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે.ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે સંભવીતતા દર્શાવવાની નથી પરંતુ આરોપી પર મુકવામાં આવેલ તહોમત શંકાથી પર સાબિત કરવાનું છે.આ કામે પુરાવાનો બોજો કયારેય આરોપી પર ખસતો નથી.ફોજદારી કાર્યવાહીમાં જો આરોપી કોઇ અપવાદોનો લાભ લેવા માંગતો હોય તો તેણે ઈન્ડીયન ઈવીડન્સ એકટની કલમ ૧૦૫ મુજબ સંભવીતતા દર્શાવવાની રહે છે. તે શંકાથી પર સાબિત કરવાની જરૂર નથી. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો, એક સામન્ય સમજણ ધરાવતી વ્યક્તિ જે સંજોગોમાં જે હકીકતોનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકતોને સાબિત થયેલી ગણાય.

(૧૦) ઉપરોકત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી આ કામે પડેલાં પુરાવાઓની ચકાસણી કરવામાં આવે તો, આ કામે ફરીયાદ પક્ષે મુખ્યત્વે આક્ષેપ કરવામાં આવેલ છે કે, આ કામે આરોપીઓએ તા. ૦૬/૦૪/૨૦૧૯ નાં રોજ ઈજા પામનાર રૂત્વીકભાઇ શાંતિભાઇ સીરિસીયા સવારે અગીયારેક વાગે વિરમગામ ઢોલનો સામાન લેવા માટે ગયેલાં. ત્યારે આરોપીઓએ તેઓનાં ભાઇની પત્નીને ભગાડી ગયેલ હોય તેની દુશ્મનાવટ રાખી એકસંપ કરી બસસ્ટેન્ડ પાસેની મુતરડી પાસે ગડદાપાટુનો મુઢ માર

મારેલ અને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ હતી.જે મતલબની ફરીયાદ ફરીયાદી કિશોરભાઇ ગરીયલ કે જેઓ ઈજા પામનારનાં બનેવી છે તેઓએ નોંધાવેલ છે. હવે આ કામે તે પડેલાં પુરાવાઓ અંગે ચર્ચા કરીએ તો, આ કામે ફરીયાદીએ જાતે આંક– ૧૩ થી જુબાની આપેલ છે. જેમાં તેઓએ ફરીયાદની હકીકતોનું સમર્થન કરેલ છે. તેમજ બનાવનાં દિવસે તેઓને તેમના સાળાનો ફોન આવતાં તેઓ બસસ્ટેન્ડ જતાં તેમના સાળાએ બનાવની વાત કરેલ હતી. આમ સદર સાહેદ બનાવ બન્યા બાદ તે જગાએ પહોંચેલ છે. અને ત્યારબાદ તેઓને બનાવની જાણ ઈજા પામાનરે કરેલ છે. વળી તેઓની ઉલટતપાસમાં પણ તેઓ બનાવની હકીકતોને વળગી રહેલ છે. પરંતુ તેઓ બનાવનાં હિયરસે સાહેદ હોય માત્ર તેઓનાં પુરાવાનાં આધારે આગળ વધી શકાય તેમ નથી. હવે આ કામે ઈજાપામન ાર રૂત્વીકભાઇ શાંતિભાઇને આંક–૧૫ થી તપાસેલ છે. તેઓ ઈજાપામનાર તેમજ ભોગ બનનાર સાહેદ છે. તેઓ પોતાનાં સરતપાસમાં બનાવની હકીકતોને સમર્થન કરેલ છે. અને બનાવમાં ત્રણેય આરોપીઓએ તેઓને બસસ્ટેન્ડની સામે આવેલ મુતરડીમાં ગયેલ તે વખતે ગડદાપાટુનો માર મારેલ હોવાનો પુરાવો આપેલ છે. પરંતુ ઉલટતપાસમાં તેઓનાં ભાઇ પ્રવિણએ પ્રેમલગ્ન કરેલ અને તેઓએ તા. ૨૨/૦૩/૨૦૧૯ નાં રોજ છુટાછેડા લઈ પ્રવિણની પત્નીએ સંજય સાથે લગ્ન કરેલ હોવાનું કબુલ કરેલ છે. વળી આ કામે આ જ હકીકત ફરીયાદી પણ પોતાની ઉલટતપાસમાં કબુલ કરેલ છે. આમ પક્ષકારો વચ્ચે પ્રવિણભાઈના છુટાછેડાની વાતે મનદુઃખ હોવાનું તે રીતે જણાય છે. હવે આ કામે ઈજાપામાનર રૂત્વીકભાઇ શાંતિભાઇ જુબાનીમાં જણાવેલ છે કે, ત્રણેય જણા ગાળો બોલી ગડદાપાટુનો માર મારેલ હતો. પરંતુ કયા આરોપીએ કયાં માર મારેલ તે હકીકત તેઓ જણાવતાં નથી. વધુમાં તેઓ જણાવે છે કે, આ સમયે તેઓને બહાર ઉભેલા લોકોએ છોડાવેલો. પરંતુ આ કામે બનાવનાં આવા કોઈ નજરે જોનાર તટસ્થ સાહેદને તપાસવામાં આવેલ નથી. વધુમાં આ કામે આંક– ૧૬ થી સાહેદ દિપકભાઈ નટવરભાઈને તપાસવામાં આવેલ છે. તેઓ જણાવે છે કે, **"બનાવ તા.૦૬/૦૪/૨૦૧૯ નાં રોજ બનેલો . બનાવનાં દિવસે સવારનાં ૧૧–૦૦ વાગ્યાની આજુબાજુ બસસ્ટેન્ડની**

**મુતરડીમાં પેશાબ કરવા ગયેલાં ત્યારે આજરોજ કોર્ટમાં હાજર ત્રણ આરોપી જેમને હું જોયેથી ઓળખું છુ તેઓ એક છોકરાને મારતા હતાં જેથી હુ છોડાવવા ગયેલો ને ત્યા પબ્લીક ભેગી થતાં આરોપીઓ નાસી ગયેલ. બનાવ મે નજરે જોયેલો.** " આમ તે રીતે તેઓ બનાવનાં નજરે જોનાર સાહેદ છે. પરંતુ તેઓ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે**, પ્રવિણભાઈ તેમના માસીનાં દિકરા થાય છે. આમ તેઓ ઈજા પામનારનાં સગા હોવાનું તે રીતે સાબીત થાય છે. આમ તેઓ રસ ધરાવતા સાહેદ ગણી શકાય તેમ છે.** હવે ફરીયાદપક્ષની હકીકતો મુજબ બનાવ બસ સ્ટેન્ડ પાસે આવેલ મુતરડી પાસે બનેલો છે. આમ તે જાહેર જગા છે. જેથી સ્વભાવીક રીતે જ બસ સ્ટેન્ડ જેવા માણસોની સતત અવરજવર વાળા વિસ્તારમાં મારામારી જેવો બનાવ બને તો ધણા માણસો ભેગા થઈ જાય અને ફરીયાદપક્ષનાં કહેવા મુજબ ઈજાપામનારને આ ટોળાનાં માણસોએ જ મારમાંથી છોડાવેલ છે. પરંતુ આ કામે ઉપરોકત સાહેદ સિવાય અન્ય કોઈ સાહેદને ચાર્જશીટમાં જોડેલ નથી કે આવા સાહેદોને તપાસેલ પણ નથી. વધુમાં આ કામે આગળ ચર્ચા કરીએ તો, આ કામે તપાસ કરનાર અમલદારને આંક–૩૪ થી તપાસવામાં આવેલ છે. જેઓની ઉલટતપાસ ધ્યાને લેતાં તેઓએ તેમાં કબુલ કરેલ છે કે**, " એ વાત ખરી છે કે, બસસ્ટેન્ડની બહાર આવેલ દુકાનોનાં કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો લીધેલ નથી.**" આમ તપાસ કરનાર જાતે જ એ હકીકત કબુલ કરેલ છે કે આ કામે તટસ્થ સાહેદોનાં નિવેદન લેવામાં આવેલ નથી. આમ તે રીતે તપાસમાં મહત્વની ખામી હોવાનું જણાય છે.

**(૧૧)** હવે આ કામે આગળ ચર્ચા કરીએ તો, આ કામે ફરીયાદની હકીકતો ધ્યાને લેતાં તેમાં બનાવ તા.૦૬/૦૪/૨૦૧૯ નાં રોજ બનેલો હોવાનું જણાય છે. તેમજ ફરીયાદ પોલીસ સ્ટેશને આપ્યા તા. ૧૨/૦૪/૨૦૧૯ નાં રોજ કલાક ૧૯–૪૫ વાગે જાહેર થયેલ છે. આમ તે રીતે બનાવનાં લગભગ સાડા છ દિવસ બાદ ફરીયાદ દાખલ થયેલ છે. જે અંગે કોઈ વાજબી કારણ ફરીયાદીએ કે ઈજા પામનારે તેઓનાં પુરાવા દરમ્યાન આપેલ નથી. હવે આ કામે ફરીયાદપક્ષની રજુઆત છે કે, ફરીયાદમાં જ

તેઓએ કારણ જણાવેલ છે. જે ધ્યાને લઈએ તો તેમાં જણાવેલ છે કે **, "જે તે વખતે સામાન્ય દુખાવો થતો હોય જેથી અમે ફરીયાદ કરેલ નથી પરંતુ મારા સાળાને વધારે દુખાવો થતો હોય જેથી આજરોજ કાયદેસર તપાસ થવા ફરીયાદ આપેલ છે** " આમ તે રીતે જે તે બનાવ બન્યો તે સમયે સામાન્ય દુખાવો હોવાનું તેઓએ જણાવેલ છે પરંતુ ત્યારબાદ બનાવનાં છ દિવસ બાદ કયા કારણથી દુખાવો વધી ગયેલ તેવી કોઈ હકીકત ફરીયાદી પોતાની ફરીયાદમાં કે જુબાનીમાં કે ઈજા પામનાર પોતાનાં પુરાવામાં જણાવી શકતાં નથી. વળી આ વધુ દુખાવા અંગે કોઈ વધારાની સારવાર કરાવેલ હોય તેવો પણ કોઈ પુરાવો આ કામે મારી સમક્ષ રજુ થયેલ નથી. આમ તે રીતે ફરીયાદ વિલંબથી થયેલ હોવા અંગેનું કોઈ વાજબી કારણ ફરીયાદપક્ષ આપી શકેલ નથી. આમ તે રીતે ફરીયાદપક્ષની રજુઆતો સામે વાજબી શંકા પેદા થાય છે. આ સંજોગોમાં **નામદાર સુપ્રિમ કોર્ટનાં 2010 (0) AIJEL – SC– 48795 Kishan Singh V/s Gurpal Singh.** નાં જજમેન્ટ નાં પેરા ૨૧ માં જણાવ્યા મુજબ જયારે ફરીયાદ વિલંબથી હોય તો તેના પુરતાં કારણો ફરીયાદીએ આપવા જોઈએ જો આવા કારણો આપવામાં ન આવે તો તે ફરીયાદ માટે ધાતક સાબીત થઈ શકે છે. આમ હાલનાં કામે પણ આવા વિલંબનો કોઈ ખુલાસો ફરીયાદીએ કરેલ ન હોઈ તે રીતે તે ફરીયાદપક્ષ માટે ધાતક છે. અને ફરીયાદીનાં કેસ અંગે શંકા પેદા કરે છે. વળી આ જ પ્રકારનાં સિધ્ધાંતો **નામદાર ગુજરાત હાઈકોર્ટે 2019 (0) AIJEL–HC– 240278 ; Krishnapal Yashpal SinghV/s State Of Gujarat** નાં જજમેન્ટનાં પેરા નં. ૮.૩ માં ઠરાવેલ છે કે,

> "8.3 In the present case, it is an undisputed fact that the first informant is the employee of the Aravon company, which is a Contractor of L & T engaged for house keeping services. The first informant was appointed as a Janitor. On 08.07.2017, the first informant's duty (being deep cleaning day) was from 7:00 a.m. to 03:00 p.m. The accused no.4 asked the first informant and co-worker to empty the water

logged area on the terrace through the buckets. Since the water was in large quantity the aid of electric motor pump was resorted to. After some time, the water level had decreased and the motor was unable to throw water outside logged area. At that time, accused no.4 Pravinbhai Pandya told them to fix the motor by hands, so that the motor will work and hence, the complainant and his co-worker tried to touch the motor and at that moment, the first informant was electrocuted. It is further narrated in the FIR that the accused no.4-Pravinbhai Pandya at that time, unplugged the motor and hence, he was saved. Thereafter, he was taken to the hospital and as per the medical certificate, the first informant had suffered simple injury. The alleged incident is said to have been occurred on 08.07.2017 and the impugned FIR has been filed on 11.11.2017. No reason of delay has been incorporated in the FIR. The Apex Court in the judgment reported in Kishan Singh (Dead) Through LRS Versus Gurpal Singh & Ors [2010 8 SCC 775] has observed thus:-

"22. In cases where there is a delay in lodging an FIR, the court has to look for a plausible explanation for such delay. In the absence of such an explanation, the delay may be fatal. The reason for quashing such proceedings may not be merely that the allegations were an afterthought or had given a coloured version of events. In such cases the court should carefully examine the facts before it for the reason that a frustrated litigant who failed to succeed before the civil court may initiate criminal proceedings just to harass the other side with mala fide intentions or the ulterior

motive of wreaking vengeance on the other party. Chagrined and frustrated litigants should not be permitted to give vent to their frustrations by cheaply invoking the jurisdiction of the criminal court. The court proceedings ought not to be permitted to degenerate into a weapon of harassment and persecution. In such a case, where an FIR is lodged clearly with a view to spite the other party because of a private and personal grudge and to enmesh the other party in long and arduous criminal proceedings, the court may take a view that it amounts to an abuse of the process of law in the facts and circumstances of the case."

8.4 It appears that the present FIR has been lodged by the first informant on 11.11.2017 as an afterthought with a mala-fide intention and ulterior motive of wreaking vengeance. Hence, the impugned FIR is also liable to be quashed and set aside on the ground of delay. "

આમ જયારે ફરીયાદ વિલંબથી હોય તો તેના પુરતાં કારણો ફરીયાદીએ આપવા જોઇએ જો આવા કારણો આપવામાં ન આવે તો તે ફરીયાદ માટે ઘાતક સાબીત થઈ શકે છે. આમ હાલનાં કામે પણ આવા વિલંબનો ખુલાસો ફરીયાદીએ કરેલ છે પરંતુ માનવાલાયક જણાતો ન હોઈ તે રીતે તે ફરીયાદપક્ષ માટે ઘાતક છે. અને ફરીયાદીનાં કેસ અંગે શંકા પેદા કરે છે.આ સંજોગોમાં તે રીતે પણ ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર સાબીત કરી શકેલ નથી.

**(૧૨)** હવે આ કામે આગળ ચર્ચા કરીએ તો**,** આ કામે આંક–૧૪ થી ફરીયાદ ધ્યાને લેતાં તેમાં જણાવેલ છે કે**, "પરંતુ ઘરનાં તથા કુટુંબના માણસો વધારે ઝગડો ના થાય એ માટે પોલીસ ફરીયાદ નથી આપવી તેવું નકકી કરેલ પરંતુ ગઈ તા. ૧૦/૦૪/૨૦૧૯ નાં રોજ મારા સાળા રૂત્વીકને**

**પેટમાં વધુ દુખાવો થતાં મારી સાસુજી નામે અનીતાબેન તથા સાળા પ્રવિણભાઈ શીવ હોસ્પીટલ ખાતે લાવેલા અને સારવાર માટે દાખલ કરેલ છે હાલ મારા સાળા રૂત્વીકની શીવ હોસ્પીટલ ખાતે સારવાર ચાલુ છે તથા તેઓ સંપુર્ણ ભાનમાં છે."** આમ ફરીયાદની હકીકતો જોતાં બનાવ સમયે ઈજાપામનારને પ્રાથમીક સારવાર કરી રજા આપેલ હતી. પરંતુ તા. ૧૦/૦૪/૨૦૧૯ નાં રોજ તેઓને ફરી દુખાવો થતાં અંદરનાં દર્દી તરીકે દાખલ કરેલ હતાં. પરંતુ આ કામે મેડીકલ ઓફીસરની જુબાની આંક– ૨૬ થી થયેલ છે. તેઓની જુબાની જોતાં તેઓએ ઈજાપામનારની સારવાર તા. ૦૬/૦૪/૨૦૧૯ નાં રોજ કરેલ હોવાનું જણાય છે. પરંતુ તા. ૧૦/૦૪/૨૦૧૯ નાં રોજ ફરી વખત દર્દીને દુખાવો થતાં તેઓને ત્યા દાખલ કરવામાં આવેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આમ તે રીતે ફરીયાદની આ હકીકત તે રીતે સાબીત થતી નથી. વધુમાં આ કામે આંક– ૨૭ થી મેડીકલ સર્ટીફીકેટ પણ રજુ કરેલ છે. તે જોતાં તેમાં પણ આવી કોઇ હકીકત રેકર્ડ પર આવતી નથી. આમ તે રીતે ફરીયાદપક્ષનો પુરાવો વિશ્વાસપાત્ર જણાતો નથી. વધુમાં પલભર માટે ફરીયાદપક્ષની આ હકીકત માની લઈએ તો પણ તેઓને તા. ૧૦/૦૪/૨૦૧૯ નાં રોજ અંદરનાં દર્દી તરીકે દાખલ કરેલ હતાં. જયારે ફરીયાદ તા. ૧૨/૦૪/૨૦૧૯ નાં રોજ કલાક ૧૯–૪૫ એટલે કે સાંજે પોણા આઠ વાગ્યે આપેલ છે. આમ તે રીતે પણ સદર બે દિવસનાં વિલંબનો કોઇ ખુલાસો ફરીયાદપક્ષે કરેલ નથી. આમ તે રીતે ફરીયાદપક્ષની રજુઆત માની શકાય તેમ નથી. વળી સદર કામે આંક–૧૪ થી રજુ ફરીયાદ વંચાણે લેવામાં આવે તો તેમા જણાવેલ છે કે **ઘરના તથા કુટુંબના માણસો વધારે ઝઘડો ના થાય એ માટે પોલીસ ફરીયાદ નથી આપવી તેવુ નકકી કરેલુ પરંતુ ગઈ તા. ૧૦/૪/૨૦૧૯ ના રોજ મારા સાળા રૂત્વીકને પેટમાં વધુ દુખાવો થતા મારી સાસુજી નામે અનીતાબેન તથા સાળા પ્રવિણભાઇ શીવ હોસ્પિટલ ખાતે લાવેલ અને સારવાર માટે દાખલ કરેલ. પરંતુ સદર કામે આંક–૨૬ થી મેડીકલ ઓફીસર ડો.પ્રકાશ સારડાને તપાસેલ છે અને તા.૬/૪/૫૦૧૯ ના રોજ બપોરે ૩.૦૦ વાગે દર્દી સીંરિસીયા રૂત્વીક મનુભાઇ સારવાર માટે આવેલા અને તેઓને અંદરના દર્દી**

**તરીકે સારવાર આપેલ હતી તેમ જણાવેલ છે. પરંતુ સદર દર્દી તા.૧૦/૬/૨૦૧૯ ના રોજ પેટમા દુખાવો થયેલ હોય અને તેઓની પાસે સારવાર માટે આવેલ હોય તેવી કોઇ હકીકત તેમના પુરાવામાં જણાવતા નથી. વધુમાં આ કામે રજુ એમ.એલ.સી. સર્ટીફીકેટ જોવામા આવે તો તેમાં પણ તા.૬/૪/૨૦૧૯ ના રોજ સદર દર્દીએ સારવાર લીધેલાનો ઉલ્લેખ છે. પરંતુ તા.૧૦/૪/૨૦૧૯ ના રોજ કોઈ સારવાર લીધેલ હોય તે અંગેનો કોઇ ઉલ્લેખ જણાઈ આવતો નથી.** આમ તે રીતે પણ ફરીયાદપક્ષની રજુઆત માની શકાય તેમ નથી.

**(૧૩)** હવે આ કામે આરોપી તરફે રજુ કરેલ High Court Of Gujarat, **State Of Gujarat Vs. Nagbhai Khodabhai, CR. A/25/1995 dt.5/10/2007** નું જજમેન્ટ ધ્યાને લેતાં તેમાં ઠરાવ્યા પ્રમાણે તપાસવામાં આવેલ સાહેદ ભરોસાપાત્ર હોય તો, તે ફરીયાદીના સગા હોય તો પણ તેને માની શકાય. પરંતુ જો પુરાવામાં સાતત્યનો અભાવ હોય તો તે ભરોસાપાત્ર ગણી શકાય નહી. વધુમાં મેડીકલ પુરાવો પણ જો ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન ન કરતો હોય તો આરોપીને દોષિત ઠરાવી શકાય નહી. હું આ સિધ્ધાંતો સાથે વિનમ્રપણે સંમત થાઉં છું આ કામે પણ મેડીકલ ઓફીસરને તપાસવામાં આવેલ છે. પરંતુ તેઓએ માત્ર તા.૬/૪/૨૦૧૯ ના રોજ દર્દી (ઈજા પામનાર) ની સારવાર કરેલ હોવાનું જણાવે છે.પરંતુ ફરીયાદપક્ષની હકીકતો જોતાં ત્યારબાદ તા.૧૦/૪/૨૦૧૯ નાં રોજ દર્દીને ફરી વખત શિવ હોસ્પીટલ ખાતે અંદરનાં દર્દી તરીકે દાખલ કરેલ હોવાનું જણાય છે પરંતુ આ હકીકતને મેડીકલ એવીડન્સથી સમર્થન મળતું નથી. આમ તે રીતે હાલનુ જજમેન્ટ અત્રે લાગુ પડે છે.

**(૧૪)** હવે, ક્રિમીનલ જ્યુરીસ પ્રુડન્સનો સિધ્ધાંત છે કે, સો ગુનેગાર છુટી જાય પરંતુ એક નિર્દોષ વ્યકિતને સજા થવી જોઇએ નહિં. વધુમાં, ફરીયાદપક્ષે તેનો કેસ શંકાથી પર પુરવાર કરવાનો રહે છે અને જો તેમાં શંકા જણાય તો તેનો લાભ આરોપીને મળે છે આ સંબંધે નામદાર સુપ્રિમ

કોર્ટના કૈલાસ ગોરના ચુકાદાને ધ્યાને લેવામાં આવેતો તેમાં પણ કેસ શંકાથી પર અને આરોપીએ જ તે ગુનો કરેલ છે તેમ પુરવાર થવુ જોઇએ. આ પ્રસ્થાપિત સિધ્ધાંત નામદાર સર્વોચ્ચ અદાલતે "**કૈલાસ ગોર વિરુધ્ધ સ્ટેટ ઓફ આસામ**" એ.આઈ.આર ૨૦૧૨ એસ.સી. પાના નં–૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ છે તે સિધ્ધાંતો જોતા તેના પેરા–૨૮ માં ઠરાવેલ છે કે,

***“It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. <u>It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof.</u> There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle***

***forms the basis of criminal jurisprudence in India."***

વધુમાં, ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયના સિધ્ધાંતો પ્રમાણે ફરીયાદપક્ષનો કેસ આરોપી વિરુધ્ધ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે તથા વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. હાથ ઉપરના કેસમાં પડેલ પુરાવો જોતાં ફરીયાદપક્ષનો કેસ વ્યાજબી શંકાથી પર કેસ પુરવાર થયેલ નથી. જેથી, ઉપરોક્ત કરેલ ચર્ચાના કારણો મુજબ આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવવાનું ન્યાયોચિત જણાતુ નથી.

**(૧૫)** આમ ઉપર ચર્ચા કર્યા પ્રમાણે, આ કામના આરોપીઓએ ઉપરોકત તારીખ, સમય અને જગ્યાએ આ કામના સાહેદ રુત્વીકને આરોપી નં.૧ નાએ જણાવેલ કે, તારા ભાઈની પત્નીને ભગાડી લઈ ગયો તો તમે શું કરી લીધુ તેમ કહી જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી મુઢમાર મારી તથા ગડદાપાટુનો માર મારી શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ કરી આરોપી નં.૨, ૩ નાએ એક બીજાએ ગુનો કરવામાં મદદગારી કરી, આરોપીઓએ ઈન્ડીયન પીનલ કોડની કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો આરોપીઓએ કરેલ હોવાનું ફરીયાદપક્ષ શંકાથી પર સાબિત કરી શકેલ ન હોઈ મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ નો આખરી નિર્ણય નીચે મુજબ કરૂં છું.

## <u>આ ખ રી હુ ક મ</u>

**(૧)** આ કામના **આરોપી નં. (૧) રવિભાઈ ગીરીશભાઈ સીરિસીયા,** ઉ.વ.૨૦, રહે. માંડલ, માંડલ, અમદાવાદ ગ્રામ્ય, **(૨) વિજયભાઈ ગીરીશભાઈ સીરિસીયા,** ઉ.વ.૨૫, રહે. વિરમગામ, અમદાવાદ ગ્રામ્ય, **(૩) સંજયભાઈ ગીરીશભાઈ સીરિસીયા,** ઉ.વ.૨૩, રહે. વિરમગામ, અમદાવાદ ગ્રામ્યનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૮ (૧)

અન્વયે ઈન્ડીયન પીનલ કોડ કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના સબબ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીઓએ અપીલ પીરીયડનાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) મુજબનાં રૂ૰ ૨૫૦૦૦/- નાં જામીન ખત રજુ કરવાં.

આ હુકમ આજરોજ તા.૨૨ મી નાં એપ્રિલ માસનાં સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૨૨/૦૪/૨૦૨૬
વિરમગામ .

**( આર. બી. મારફતીયા)**
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
તા.વિરમગામ,જી.અમદાવાદ(ગ્રામ્ય)
Judge Code No. GJ00633